**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૨૭ ટકા

# શહેરમાં ભોજલરામ બાપાની જન્મજયંતિ ઉજવાઈ

## શહેરના મંદિરો અને સંસ્થાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું

ગાંધીનગર, તા.૧૮

ભોજલરામ બાપાની ૨૩૪મી જન્મજયંતિ નિમિત્તે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ દ્વારા આજે નગરમાં શોભાયાત્રા નીકળી હતી. શહેરના મંદિરો અને સંસ્થાઓ દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ દ્વારા શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં ૩૫ જેટલા વાહનો અને ભવ્યરથ સાથે સમાજના ૧૫૦ જેટલા ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ભોજલરામ જન્મજયંતિ નિમિત્તે ગાયત્રી યજ્ઞ, મેડીકલ કેમ્પ, ફળ વિતરણ, પક્ષીઓને ચણ, પશુઓને ઘાસચારો જેવી પ્રવૃત્તિઓ પણ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી.

ભોજલરામ જન્મજયંતિ નિમિત્તે યોજાનાર શોભાયાત્રાનું ગાંધીનગરના વિવિધ મંદિરો સ્વામિનારાયણ મંદિર, ગાયત્રી મંદિર, પંચદેવ મંદિર, જલારામ મંદિર, દત્ત મંદિર, સોમનાથ મંદિર, ઉમિયા માતાજી મંદિર, ભુવનેશ્વર મહાદેવ તથા સંસ્થાઓમાં સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ અને બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમાજ દ્વારા આ દિવસ નિમિત્તે શહેરના વૃધ્ધાશ્રમ, હોસ્પિટલ, શાળાઓમાં ફળ વિતરણ, પશુઓને ઘાસચારો અને પક્ષીઓને ચણ નાંખવામાં આવ્યા હતા તથા એપોલો ગ્રુપ તરફથી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હેરીટેજ પેકેજ અંતર્ગત ચેક અપ કરાવનારને ઓછા ખર્ચે ૪૨ પ્રકારના બ્લડ ટેસ્ટ કરી આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે સંસ્થાના છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા જોય ઓફ ગીવીંગ પ્રવૃત્તિ અંતર્ગત દર મહિને શ્રમિકોને કપડા, બુટ ચપ્પલ, રમકડા જેવી જીવન જરૂરિયાતની વસ્તુ દાનમાં આપવામાં આવે છે. સમાજના સભ્યો કે શહેરીજનો પોતાના ઘરેથી ચીજવસ્તુઓ અહીં જમા કરાવે અથવા તો વિદ્યાર્થીઓ ઘરે જઈ લઈ આવે છે અને શ્રમિક વિસ્તારમાં જરૂરિયાતમંદને બને તેટલી સહાય કરે છે.

આ સમગ્ર કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળના પ્રમુખ રમેશભાઈ દેસાઈ તથા મંત્રી બાબુભાઈ પાનેલિયા, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજના પ્રમુખ કિશોરભાઈ શેલડીયા તથા મંત્રી ગગજીભાઈ ઘેલાણી સાથે સમાજના કાર્યવાહક મંડળ, યુવા પાંખ અને સહેલી ગ્રુપના દરેક સભ્યોનો સાથ સહકાર રહ્યો હતો.



### સ્વ. સુનિલ દત્તની ૧૪મી પુણ્યતિથીએ સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સંગીત તથા કરાઓકે સિંગીંગ ક્ષેત્રે કાર્યરત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા આગામી તા. ૨૫મીમે શનિવારના રોજ હિન્દી ફિલ્મોના સુપ્રસિધ્ધ અભિનેતા સ્વ. સુનિલદત્તની ૧૪મી પુણ્યતિથી નિમિત્તે શ્રધ્ધાંજલિ આપવા કરાઓ કે કલબ અંતગર્ત કાર્યક્રમ 'અહેસાન મેરે દિલ પે તુમ્હારા હૈ દોસ્તો' શિર્ષક હેઠળ સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં 'વોઈસ ઓફ રફી' તરીકે જાણીતા ગાયક બંકીમ પાઠક ઉપસ્થિત રહેશે અને સ્ટેજ કલાકારોને પ્રોત્સાહન પુરું પાડશે. આ કાર્યક્રમ તા. ૨૫મી મે શનિવારે રાત્રે ૮ કલાકે સે-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમનું શહેરના સંગીત રસિક શ્રોતા માટે નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા શહેરની સંગીત પ્રેમી જનતાને જાહેર આમંત્રણ શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા આપવામાં આવ્યું છે.

# નીફટમાં શોર્ટ સર્કિટથી વાયરો બળ્યા

## આગને પગલે નીફટને હજ્જારો રૂપીયાનુ નુકશાન
## આટલી મોટી સંસ્થામાં ઈલેક્ટ્રીક બોર્ડની દશા પણ ખરાબ





ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના ઘ-૦ પાસે આવેલી નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજીની કોમ્પ્યુટર લેબના એસીના વાયરમાં આચનક શોર્ટ સર્કિટ થતા આગ ભભુકી ઉઠી હતી. જેને પગલે નીફટમાં દોડધામ મચી જવા પામી હતી. બનાવને પગલે સ્થાનિક સિકયુરીટી ગાર્ડ અને ફાયરના જવાનોએ પહોંચી ફાયર એસ્ટીગ્યુઝરનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગને પગલે કેમ્પસમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફના કર્મચારીઓ મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીનો પારો સતત વધી રહ્યો છે. ગરમીમાં નાગરીકો શેકાઈ રહ્યા છે. ત્યારે એસી, પંખા, એરકુલરના સહારે નાગરીકો ગરમીથી રાહત મેળવી રહ્યા છે. ગરમીના દિવસોમાં વિજ વપરાશ પણ એસી ના પગલે વધી જવા પામે છે. ત્યારે ઉનાળામાં શોર્ટ સર્કિટને પગલે આગ લાગવાના કિસ્સા પણ રોજ સામે આવી રહ્યા છે.ત્યારે શનિવારના રોજ સવારના ૧૧.૩૦ કલાકના અરસામાં નીફટ કોલેજની લેબના એસીના વાયરમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. આગના કાળા ડિંબાગ ધુમાડાને પગલે નીફટના કર્મચારીઓ અને સ્ટાફના માણસો એકઠા થઈ ગયા હતા. લેબમાં આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. આગને પગલે લેબમાં રહેલી ચીજવસ્તુઓને નુકશાન થવા પામ્યું હતું. બનાવની જાણ થતા નીફટના સિકયુરીટી ગાર્ડ અને ફાયર બ્રિગેડને કરતા તાત્કાલીક સ્ટાફના કર્મચારીઓ દોડી પહોંચ્યા હતા અને ફાયર એસ્ટીગ્યુઝરનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ કાબુમાં આવી જતા નીફટના કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. જયારે આગને પગલે લેબની દિવાલો કાળી થઈ જવા પામી હતી. જયારે આગને પગલે નીફટને હજ્જારો રૂપીયાનુ નુકશાન થવા પામ્યું છે. ઉલ્લેખનીય છે કે આટલી મોટી સંસ્થામાં ઈલેકટ્રીક બોર્ડની દશા પણ ખરાબ હતી.

### સે-૨૯માં બાળકો ઉઠાવવા શખ્સ ફરતો હોવાની ફરીયાદ ઉઠવા પામી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટરોમાં બપોરના સમયે બાળકો ઉઠાવવા ટોળકી ફરતી હોવાની વાતો થોડા સમય પહેલા વહેતી થઈ હતી. ત્યારે શહેરના સેકટર-૨૯માં આવેલા સરકારી આવાસમાં ગતરોજ અજાણ્યો શખ્સ નાની બાળકીઓને ઉઠાવી જવા આંટા ફેરા મારતો હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. સ્થાનીક નાગરીકોના કહેવા મુજબ શુક્રવારના સાંજે એક બાઈક ચાલક ઈસમ આ વિસ્તારમાં ફરી રહ્યો હતો. તેણે એક નાની બાળકીને ઉઠાવી જવાનો પ્રયત્ન કર્યો હતો જો કે બાળકીએ બુમાબુમ કરતા તે ભાગી છુટ્યો હતો. જેને અનુલક્ષી સેકટર-૨૯ના સરકારી આવાસમાં રહેતા કેટલાક નાગરીકોએ આ અંગે સે-૨૧ પોલીસ મથકમાં જઈને લેખિત અરજી આપી હતી.જેને પગલે પોલીસે બનાવ અંગે તપાસ શરુ કરી છે.

### ટેક્ષ બચાવવા માટે એક જ નંબરની બે લકઝરી બસ ઝડપાઈ

રાજય સરકારનો ટેક્ષ બચાવવા માટે નાગરીકો નિતનવા કિમીયા અજમાવતા હોય છે. જેમાં સરકારમાં ભરવાનો થતો ટેક્ષ બચાવવા માટે એક જ નંબરની બે લકઝરી બસ ફેરવવાનો પ્રયાસ સામે આવ્યો છે. ગાંધીનગર આરટીઓએ તપાસના પગલે રાજસ્થાન પાસીંગની લકઝરી બસના માલિક અને ચાલક સામે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજસ્થાન પાસીંગની બે લકઝરી બસ ફરતી હોવાની ફરીયાદ થઈ હતી. જેને પગલે વડી કચેરીના હુકમને આધારે ગાંધીનગર આરટીઓ દ્વારા તેની તપાસ કરવામાં આવી હતી. ગત્ તા.૨૮ એપ્રિલના રોજ મોટર વાહન નિરીક્ષક ચિંતન વાળાની ટીમ સાથે ચિલોડા ખાતે વોચમાં ગોઠવાઈ ગયા હતા. રાત્રે બે વાગ્યાના સુમારે આર.જે.૧૯.પી.બી.-૯૫૫૨ નંબરની લકઝરી બસ આવી હતી. જેના ચાલકનું નામ પુછતા તે બાબુલાલ માલી રહે. (જુનજુનું, રાજસ્થાન) હોવાનું સામે આવ્યું હતું. બસના એન્જીનની તપાસ કરતા ચેચીસ નંબર સાથે છેડછાડ થઈ હતી અને એન્જીન નંબર ન હતો. આ જ દિવસે એક જ નંબરની બસ અંબાજી ચેક પોસ્ટ પાસે પકડાઈ હતી. જેને અનુલક્ષી ગાંધીનગર આરટીઓએ બસના માલિક રમેશભાઈ થાનારામ ચૌધરી (રહે. મહાદેવનગર, પાલ રોડ રાજસ્થાન) અને બસના ચાલક સામે પોલીસે ખોટી નંબર પ્લેટ લગાવી, ચેચીસ નંબર કોતરી બે બસો દોડાવી સરકારમાં ભરવાનો થતો ટેક્ષ ન ભરીને છેંતરપિંડીની ફરીયાદ નોંધી છે.

### @ગાંધીનગર

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા પીન્ટુભાઈ ઠકકરના નિવાસસ્થાન સે-૬-સી પ્લોટ નં. ૧૦૯૬/૨ ખાતે બપોરે ૨.૩૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા નગરના વડીલ પંચાલ કાકા સાથે બાળકોનો વાર્તાલાપ સાંજે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૭ સ્થિત સુવિધા કચેરી પાસેના બગીચા ખાતે યોજાશે.

● કલરવ ગાંધીનગર દ્વારા બાલોત્સવ ૨૦૧૯ અંતર્ગત સવારે ૮.૧૫ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે બાળકો દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવશે.

● સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર સવારે ૯ કલાકે બ્રહ્માણી હોલ, ફાર્મસી કોલેજ બિલ્ડીંગ, ગેટ નં. ૧, સર્વ વિદ્યાલય પરિસર, સે-૨૩ ખાતે યોજાશે.

### આજે મહિલાઓ માટે નિઃશુલ્ક રેકી સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૮

રોટરી કલબ ઓફ ગાંધીનગર અને ઈન્સ્ટિટયુટ ઓફ યુનિવર્સલ એનર્જી અમદાવાદ દ્વારા 'રેકી દૈનિક જીવનની જડીબુટ્ટી' શિર્ષક હેઠળ ફકત મહિલાઓ માટેના નિઃશુલ્ક સેમિનારનું આયોજન ૧૯મી મે ૨૦૧૯ના રોજ કરવામાં આવ્યુ છે. આ સેમિનાર બપોરે ૩ થી ૪.૩૦ કલાક દરમિયાન રોટરી હોલ, રોટરી ફિજીયોથેરાપી સેન્ટરની બાજુમાં, પંચદેવ મંદિરની સામે, સે-૨૨ ખાતે યોજાશે.

### આજે સે-૧૬માં બ્રહ્મસમાજ ભવન ખાતે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા "હેપ્પી યુથ કલબ" દ્વારા સંસ્થાના ચોથા સ્થાપના દિન નિમિત્તે થેલેસેમિયાગ્રસ્ત બાળકોની જિંદગી બચાવવાના કાર્યમાં મદદરૂપ થવાના હેતુથી તા.૧૯મી મે, ૨૦૧૯ રવિવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરના ૧૨.૦૦ વાગ્યા દરમ્યાન ગાંધીનગરના સેક્ટર-૧૬માં રંગમંચ પાસે "બ્રહ્મસમાજ ભવન" ખાતે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત "હેપ્પી રક્તદાન શિબિર" દરમ્યાન વિના મૂલ્યે હેપ્પી ચકલી ઘરનું તેમજ ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ પશુ-પંખીઓની તરસ છીપાવવા માટે ઉપયોગી એવા સિમેંટના મોટા કુંડાંનું ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટના મિલી એનિમલ કેર તથા સ્વઅર્પણ સેવા સમિતિ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી મર્યાદિત સંખ્યામાં વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે.

"હેપ્પી યુથ કલબ" દ્વારા આયોજિત "હેપ્પી રક્તદાન શિબિર"માં શહેરના રક્તદાતાઓ સ્વૈચ્છિક રકતદાન કરશે અને આયોજનમાં અનેક સેવાભાવી યુવાનો જોડાશે. "હેપ્પી રકતદાન શિબિર"માં રકતદાન કરનાર તમામ રક્તદાતાઓને રક્તદાતા કાર્ડ, પ્રમાણપત્ર સાથે શુભેચ્છા ભેટ આપી સન્માનીત કરવામાં આવશે. "હેપ્પી રકતદાન શિબિર"માં રકત એકત્ર કરવાની સેવા ઈંડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાના સહયોગથી કલોલ શાખાની બ્લડ બેંક દ્વારા પૂરી પાડવામાં આવશે જે દ્વારા એકત્રિત થયેલ રકત થેલેસેમિયાગ્રસ્ત બાળકોની જિંદગી બચાવવાના કાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે. "હેપ્પી રક્તદાન શિબિર"માં સામેલ થવા તથા અબોલ પશુ-પંખીઓની તરસ છીપાવવાના સેવા કાર્યમાં મદદરૂપ થવા મો. નં. ૯૧૭૩૨૪૮૪૩૨ અથવા ૯૯૨૪૪૬૬૪૫ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.







સે-૫-એ સ્થિત પંચમુખી મહાદેવ મંદિરમાં બિરાજમાન અંબાજીમા, પંચમુખી મહાદેવ, પંચમુખી હનુમાનદાદા તથા સાંઈબાબાના મંદિરના ૧૦મા પાટોત્સવ પ્રસંગે હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષ્ણપાલસિંહજી, ભરતસિંહજી વાઘેલા, લીલાબા પ્રવિણસિંહ વાઘેલા, કુસુમનબેન કે. દેસાઈ, શૈલેષભાઈ પટેલ, જાડેજાબાપુ, વાઘેલાભાઈ, નીરૂબેન નાયક, રાધાકૃષ્ણ મહિલા મંડળના બહેનો તથા નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉજવણી કરી હતી.

### આજે સે-૨૩માં નારદ જયંતિ ઉજવાશે

ગાંધીનગરમાં સેકટર-૨૩ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા આવતીકાલે તા. ૧૯મી મે રવિવારના રોજ સવારે ૧૧ કલાકે આદ્ય પત્રકાર નારદમુનિની જન્મજયંતિની ઉજવણી સે-૨૩માં સરકારી પ્રાથમિક શાળાની બાજુમાં સ્વામિનારાયણ મંદિર રોડ પર ગ ટાઈપ બ્લોક નં. ૪૮/૩ 'કેશવ સ્મૃતિ' ખાતે ઉજવાશે. જેમાં શહેરના પત્રકારો-મિડીયાકર્મીઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાયું છે. આ ઉજવણીમાં મુખ્ય વકતા તરીકે આરએસએસના નગર સંઘચાલક મનુભાઈ મોદી વકતવ્ય આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે બ્રહ્માજીના સાત માનસ પુત્રો પૈકી એક તથા વિશ્વના પ્રથમ પત્રકાર કહેવાતા નારદજી વિશ્વને જોડતી સંચાર વ્યવસ્થાના જનક કહેવાય છે. આજે પણ સંવાદના વિવિધ માધ્યમો દ્વારા આ વ્યવસ્થા સાકાર થઈ રહી છે જેને અનુલક્ષીને સંઘ દ્વારા નારદજીની જયંતિ ઉજવવાનું આયોજન કરાયું છે.

# રિલાયન્સ ચોકડી ખાણી-પીણી બજારમાં ગંદકીનું સામ્રાજય



## ખાણી-પીણી સ્ટોર ધારકો દ્વારા ડસ્ટબીન બહાર મુકી રખાતી હોઈ ગાય-કૂતરાં ફેંદી વધુ ગંદકી ફેલાવે છે : પાનની દુકાનો વધી જતા ઠેર ઠેર પાન-મસાલાની પિચકારીઓનું ચિતરામણ

ગાંધીનગર, તા.૧૮

શહેર આમ તો સ્માર્ટ સીટી બનવા તરફ કદમ માંડી રહ્યું છે પરંતુ હજુ પણ શહેરીજનોની માનસિકતા તે માટે કેળવવાની તાતી જરૂર જણાય છે. આ સાથે શહેરમાં સ્વચ્છતા જાળવવાની જવાબદારી જનતા સાથે તંત્રની પણ છે જેમાં કયાંકને કયાંક કચાશ રખાતી હોય તેવું અનુભવાઈ રહ્યું છે. શહેરના ઈન્ફોસિટીથી કુડાસણ તરફ જતા રિલાયન્સ ચોકડી જેવા પોશ વિસ્તારમાં પણ જે રીતે ગંદકીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે તે જોતા એવું જણાય છે કે શહેરીજનોએ સ્વચ્છ અને સુંદર ગાંધીનગરની પરિભાષા જ જાણે બદલી નાંખી છે.

રિલાયન્સ ચોકડી વિસ્તારમાં મોટા પ્રમાણમાં હોટેલ્સ, રેસ્ટોરન્ટસ, બેન્કવેટ હોલ સહિત ખાણી પીણી બજાર વિકસ્યું છે જે વિસ્તારમાં ગંદકીનું મુખ્ય કારણ પણ બની રહ્યું છે. આ વિસ્તારમાં ખાણી પીણીના નાના મોટા રેસ્ટોરન્ટસ કે દુકાનોમાં રાત્રિના સમયે અઢળક નાગરિકોની ભીડ જોવા મળે છે. ખાણી પીણી બજારમાં નાસ્તો વગેરે કર્યા બાદ તેની ડિસ્પોઝેબલ ડીશો કે પેકિંગ વગેરેના નિકાલ માટે દુકાનધારક કે રેસ્ટોરન્ટ ધારક દ્વારા ડસ્ટબીનની સગવડ તો આપવામાં આવે છે પરંતુ આ ડસ્ટબીન સવારે વહેલા સફાઈકર્મીઓ ખાલી કરી જાય તે હેતુથી બહાર મુકીને વેપારીઓ જતા હોય છે કેમ કે આ વિસ્તારમાં સવાર મોડી પડે છે. બહાર મુકેલી ડસ્ટબીનોને રાત્રિના કે પરોઢિયાના સમયે ખોરાકની શોધમાં ભટકતા ગાય-કૂતરાં ફેંદે છે જેના કારણે ઘણીવાર ડસ્ટબીનો આડા પડી જાય છે અને તેનો કચરો વેરવિખેર થઈ જાય છે. આ સાથે દિવસ દરમિયાન અને રાત્રિના સમયે પાન-મસાલા-ગુટકા ખાતા નાગરિકો થુંકની પિચકારીઓ મારીને પણ કોમ્પ્લેક્ષમાં બેરોકટોક ગંદકી કરી રહ્યા છે.

આ સમસ્યા અંગે ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કમ્ઝયુમર વેલ્ફેર કમિટીના સેન્ટ્રલ ગુજરાત એકમના જનરલ સેક્રેટરી દિપક વ્યાસે મ્યુનિસિપલ કમિશનરનું પણ ધ્યાન દોર્યું હતું અને કમિટી દ્વારા શકય હોય તેટલી મદદ પુરી પાડવાની બાંહેધરી આપી છે પરંતુ સત્વરે આ ગંદકીનો માહોલ હટાવી સ્વચ્છતા જળવાય તેવા પગલાં ભરવા માંગ કરી છે.

### ચિરવિદાય

● સ્વ. હંસાબેન કનુભાઈ રાજપૂત, ઉ.વ. ૬૩
● સ્વ. ધર્મેન્દ્ર પ્રભુનાથ મિશ્રા, ઉ.વ. ૨૬